# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

બની બેઠાં અધ્યક્ષ, મુખત્યાર થઇ ફરે છે!
બંધારણ પક્ષનું બાનમાં, મનમાની કરે છે,
ભરે છે ઘરની તિજોરી એ પક્ષનાં નાણાથી -
- કે પક્ષ એના પરિવારના નામથી તરે છે

## હાઈકુ

ડૂબાડ્યો સંઘ,
શિસ્ત-સેવા છબિને
લાગ્યું લાંછન..
(ગડકરી પરાક્રમો)

સાચી આગાહી,
- હતી દીર્ઘ દૃષ્ટાની,
‘પક્ષ વિખેરો!’
(‘વીણી વીણી મારશે’ -
- ગાંધીજી)

## ચિંતન

**વેનાનિ દહતો વહને સખા ભવેતિઃ મારૂતઃ ।**
**સ એવ દીપનાશાય કૃષં કસ્યાસ્તિ સૌહૃદમ્ ॥**

‘અગ્નિ જયારે વન બાળતો હોય, વડવાનલ જેવો સશક્ત હોય ત્યારે પવન પણ તેને મદદ રૂપ બની જઇ અગ્નિને ફેલાવવામાં મદદરૂપ થાય છે, એ જ અગ્નિ જયારે નાના દીવા સ્વરૂપે હોય છે ત્યારે એ જ પવન (તેનો મિત્ર) તેને હોલવી નાખવા માટે પ્રયત્નશીલ હોય છે - ખરેખર! દુબળા-નબળા લોકોની સાથે મૈત્રી કોણ રાખે?’

સંસાર-વ્યવહારમાં ‘સ્વાર્થ’નું ચલણ અતિશય છે કોઇ પણ સંગા-સ્નેહી-મિત્રો પોતાનું ‘હિત’ સુરક્ષિત રાખી ને કે માપીને સંબંધોનું સેવન કરે, સાચવે-મૈત્રી રાખે-સ્મિત સાથે સ્નેહનો છલકાટ કરે - મદદરૂપ છે એવો બાહ્ય દેખાવ કરી આપણા ‘માનસપટ’ પર એવું ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કરે કે એ જાણે આપણા પ્રથમ સગાં જ ન હોય?

સત્તા, પદ, સમૃધ્ધિનો એવો મધપૂડો છે જયાં આવી અનેક માખીઓ આવીને ચોંટી જાય છે અને મધપૂડાને ખોખલો કરીને જ છોડી જાય છે. (ટેકનીકલ આ સાચું નહીં હોય! પણ સમજવા માટે છે)

અધિકારીઓ-પ્રધાનોને પહેલાં સચિવો હા જી હા, કરી ‘દુષ્કૃત્યો’ કેમ કરવા એની સલાહ-સમજ સાથે મદદરૂપ બનતા હોય છે પણ જયારે જેલમાં જવાનો વખત આવે ત્યારે તેમની જ વિરૂધ્ધની નોંધો - આદેશોના પૂરાવા પણ એ લોકો જ ‘પ્રોવાઇડ’ કરતા હોય છે.

અહીં સ્વાર્થી-લુચ્ચા-મિત્ર પવનનો દાખલો આપી દાવાનળ અને દીવા દ્વારા આ વાત સમજાવી છે

## સુવિચાર

- ભૂલોની સાથે સંઘર્ષ કરવો એ જ જીવન છે - **ગાંધીજી**
- જે હજુ પોતાની જાતને પણ નથી ઓળખી શકી એ વ્યક્તિ જગતને જાણવાનો દાવો કરે તે મોટી ભૂલ છે - **સ્વામી આનંદ**
- આપણી ભૂલો છુપાવી કાયમ આપણી જાતને છેતરતા રહીએ છીએ અને એમ કરતાં કરતાં એ ટેવ બની જાય છે અને આપણે પછી એને સદ્‌ગુણ સમજવા લાગીએ છીએ - **રેનોલ્ડ**
- જાતે ભૂલ કરવા કરતાં, બીજાની ભૂલ સહન કરવી સારી - **જોન્સન**
- જે તમારે શીખવું જ હોય તો તમારી ભૂલો જ એના માટે ઉત્તમ શિક્ષક છે- **નેપોલિયન**
- ભૂલ જ્ઞાનનું શિક્ષણ છે એ બોધ આપતી જાય છે - **પોપ**
- ભૂલો કરવી એ માનવ સ્વભાવ છે અને ભૂલોને માફ કરવી એ દૈવી સ્વભાવ છે- **રૂસો**

## બોધ કથા

પ્રધાનશ્રીઓ-અધિકારીઓને ‘સત્તા’નું ગુમાન ગૂંદની જેમ ચોંટી જાય છે, એટલે સુધી કે ઘરમાં-રસોડામાં-શયનખંડ સુધી આ પદ છૂટતું નથી અને એમનો સત્તાવાહી સ્વભાવ ઘરમાં પણ ‘આદેશો’ આપતો થઇ જાય છે. ‘વાત્સલ્ય’ વિસરાઇ જાય, બાળકો બીતાં થઇ જાય, પ્રિયા-સૈંયા શિયાં-વિયા થઇ રહેલી હોય - પછી એ સત્તાધારી ‘માણસમાં’ રહેતો નથી.

ખલીફા હજરતે એક બાહોશ-વફાદાર-સૂબેદારને બઢતી આપી ‘સેનાપતિ’નું પદ આપવાનું નક્કી કર્યું. આ વિચારના સમર્થનમાં ચર્ચા કરવા માટે સૂબેદારને ખલીફાને ઘેર બોલાવ્યો.

સૂબેદાર આવ્યો ત્યારે ખલીફા પોતાના દિવાનખંડમાં ‘પક્કડ દાવ’ ની છૂપાછૂપી રમત રમતા હતા. સૂબેદારને ઇશારે શાંત રહેવા કહ્યું, બાળકે જયારે ખલીફાને પકડી પાડ્યા ત્યારે પણ ખલીફાએ અંચાઇ કરી, નાક-ચહેરા પર ખોટા ગુસ્સાના ચેનચાળામાં કર્યા અને બાળકે પણ ગુસ્સામાં એક-બે મૂક્કા લગાવી દીધા. રમત પુરી થઇ.

સૂબેદારે કહ્યું, નામદાર, બાળક આપની આ રીતે બે-ઇજ્જતી કરે એ મારાથી સહન ન થયું, મારે પણ બે બાળક છે પણ મને જોઇ ધ્રૂજતાં રહે છે.. કોઇ આમન્યા ન છોડે!

રાજાએ કહ્યું, ભાઇ! હવે તને હું સેનાપતિ ન બનાવી શકું જે પોતાના બાળકને વહાલ ન કરી શકે એ ‘પ્રજા વત્સલ’ તો કયાંથી થઇ શકે?!

# દિવસ બપોરે પહોંચ્યા પછી થંભી ગયો છે...

## વિચાર યાત્રા

- જય ઓઝા

કોઇકવાર એકાંતની ભારે ઉત્કંઠા જાગી ઉઠે છે. એવું એકાંત જેમાં આપણું પોતાનું ‘હોવાપણું’ પણ ખલેલ ન પહોંચાડે... આપણી અંતર્મુખ થવાની વૃત્તિ એકાંત ઝંખે છે...

જયારે કશુંક ચિત્તમાં આકાર ધારણ કરવા માંડે છે ત્યારે આપણે તેમાં જ ઓતપ્રોત થઇ ઉઠીએ છીએ.

રિલ્કેએ કહ્યું છે કે ‘એકાંત હોય એ તો સારૂં, કારણ કે એકાંત જીરવવું અઘરૂં હોય છે.’ પીડા અને દુઃખનું ઘોડાપુર આવી જાય ત્યારે ઉપરોક્ત સ્થિતિમાં સરી પડાય છે...

પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ વિશે કોઇ દિવસ શાંતિથી વિચાર કરજો, આપણને જણાશે કે કૃષ્ણ જેવી એકલતા કદાચ કોઇની નહોતી... જે અવસાદ જે દુઃખ કૃષ્ણએ હસી હસીને અનુભવ્યું છે, કદાચ તે શક્તિ ને કારણે પણ તેઓ પૂર્ણ પુરૂષોત્તમ કહેવાયા.

રાધા અને ગોકુળ છોડીને નંદ અને યશોદાને ત્યજીને કર્તવ્ય પથ પર મથુરા ચાલ્યા જવું; બધા માટે ભલે કૃષ્ણ ‘લીલાધર’ હોય પરંતુ સ્વયં માટે તો કૃષ્ણ ‘પીડાધર’ જ હતા...

જન્મ સાથે સગી જનેતાથી વિખૂટા પડીને અજાણ્યા પ્રદેશમાં પહોંચી જવું, ત્યાર પછી એ જ માતાપિતા અને સ્નેહાળ લોકોને છોડીને કપરી અને દુરાચારી લોકો વચ્ચે જઇને વસવું, એ કાંઇ જેવી તેવી વાત છે!

રાધા અને નંદ-યશોદાનો નિર્મળ પ્રેમ તેમને આખી જિંદગી બીજા કોઇ પાસેથી ન મળ્યો... કૃષ્ણ જેવી એકલતાની મૂર્તિ સમું બીજું કોઇ ન હતું...

> **દરેક વ્યક્તિ ભર ટોળામાં પોતાનું એકાંત લઈને ચાલતો હોય છે, એકલતા સાથે બાખડતો હોય છે... એકલા હોવું, એકલા પડી જવું, એકલા પાડી દેવામાં આવ્યું, આ બધામાં ફરક છે**

પ્રભાસ પાટણ પાસે આ જ અવસાદ આ જ વિષાદથી ઘેરાયેલા કૃષ્ણ એકલતા અને એકાંતની પાતળી ભેદરેખા હવે તેઓ કદાચ શાંતિથી જોવા માંગતા હતા... સરસ્વતીના નિર્મળ જળની સરવાણી વચ્ચે શ્રીકૃષ્ણ પગ ચડાવીને એકાંત ઝંખતા હતા, ત્યારે જ તેમનાં એકાંતને ચીરતું પારધીનું બાણ તેમને ખૂપી ગયું, કદાચ આ જ કારણે ત્યાર પછી સરસ્વતી નદી પણ પૃથ્વીનો પેટાળમાં વહેવા લાગી છે.

એકાંત ખરેખર તો સ્વયં સાથે સંવાદ કરવાનું સાધન છે.

જીવન મેં દોનો આતે હૈ,
મિટ્ટી કે પલ સોને કે ક્ષણ,
જીવન સે દોનો જાતે હૈ,
પાને કે પલ, ખોને કે ક્ષણ,
હમ જિસ ક્ષણ મેં જો કરતે હૈ,
હમ બાધ્ય વહી હૈ કરને કો
હંસને કા ક્ષમ પાકર હંસતે હૈ
રોતે હૈ યા રોને કે ક્ષણ

વાસ્તવમાં મનુષ્ય જયારે સ્વસ્થ, અને સંતુષ્ટ હોય ત્યારે અને કોઇ પીડા ન હોય ત્યારે માણસને દર્શન સુઝે છે.

જીવનમાં એક કાળ એવો આવે છે, જયારે પડછાયો પણ આપણાથી, વેગળો ચાલે છે, મિત્ર અને મિત્રતા બંને જયારે ઝૂંટવાઇ જાય ત્યારે... પરાણે એકલતા સાથે ભાઇબંધી કરવી પડે છે...

પાર્ટીઓ અને દરબારો ડાયરાઓ વચ્ચે રહેવા છતાં આપણે એકલા છીએ...

શુધ્ધ અને સાત્વિક એકાંતને આજનાં વાતાવરણમાં શક્ય છે ખરૂં?

કેટલીકવાર તો આવા એકાંતમાંથી આપણને ઘણાં પ્રશ્નોના ઉત્તર આપોઆપ મળી જાય છે...

દિવસ જાણે બપોર સુધી પહોંચ્યા પછી એકાએક થંભી ગયો હોય તેવો ઠહરાવ જિંદગીમાં આવી જાય છે, શબ્દો તો ઘણા છે પણ કોઇ યોગ્ય લાગતા નથી...

શબ્દોને પથ્થર બનાવીને જગત પર ફેંકે રાખવા તેના કરતાં તો મનમાં ભંડારી દેવા વધુ યોગ્ય છે.

હૃદયમાં જે અવિરત ચાલ્યા જ કરે છે તેની અસહ્યતાનો ભાર ન ઝીલી શકવાને કારણે પણ જો તેને અભિવ્યક્ત કરવા જાય તો સાવ પાસેનાં વ્યક્તિ પણ એમાં વિશ્વાસ મૂકતા નથી... આથી ધીમે ધીમે વાણીમાંથી પીછેહઠ કરીને મૌનની શિલા નીચે જીવતે જીવન ધરબાઇ જવા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી.

આ વિષમ સામાજિક પરિસ્થિતિઓમાં, અભદ્રતાની હદ વટાવી જતા રાજકારણીઓની બિભત્સ વાતોથી, કૌભાંડોથી દાંત કચકચાવીને નિરાશાની વાતો કરવાનું ઝનૂન ચડે છે...

એકાંત સજીવન કરે છે, જયારે એકલતા મારી નાખે છે. મનમાં વિચારોની ધમાચકડી ચાલે છે... હું હજી તાજી ફુટેલ કૂંપળનું આશ્વાસન લેવા મથું છું. ‘સબ સલામત’ ના નારા લગાવવા ઇચ્છું છું.

જાણું છું કે આ બધી હત્યા, આ હિંસા ભ્રષ્ટાચાર, અત્યાચાર - આ બધું જ આપણને કોઠે પડી ગયું છે... આપણી સહનશીલતા અને ક્ષમાશીલતાની તો હદ નથી... ગમે તેવા રાજનેતાને સહી લેવાની શરમજનક સહનશીલતા સાથે આપણે મૂંગા બેઠા છીએ... આ ક્ષમાશીલતા વધુ ને વધુ ગહન એકલતામાં સરકી જવામાં સહાયરૂપ થઇ પડે છે...

એકલતામાં વિચારો અસ્પષ્ટતાથી અને મિશ્રિત આવે છે... જયારે આપણને કોઇ મૂંગા બનાવી દે છે ત્યારે જે મૌન છે તે ખરેખર પશુની અબોલતા કહેવાય... ભાવ શૂન્ય, લાગણીશૂન્ય, ચિતશૂન્ય અવસ્થામાં પહોંચાડવા માટે આજનાં યુગમાં પર્યાપ્ત સાધનો મળી રહે છે...

સમય એવો છે કે, પોતાના સગા અને સ્નેહીજનો માટે આપણી પાસે સમય નથી તો પોતાની જાત માટે સમય કયાંથી કાઢીએ!

દરેક વ્યક્તિ ભર ટોળામાં પોતાનું એકાંત લઇને ચાલતો હોય છે, એકલતા સાથે બાખડતો હોય છે... એકલા હોવું, એક્લા પડી જવું, એકલા પાડી દેવામાં આવ્યું, આ બધામાં ફરક છે.

# મળીએ ત્યારે કહીએ જય ભગવાન

વહેલી સવારે નીચેની પંક્તિથી ઇશ્વરની પ્રાર્થના કરીએ છીએ.

**“રાતે વહેલા જે સુઇ વહેલા ઉઠે વીર**
**બળ બુધ્ધિ વિદ્યા ધન વધે સુખમાં રહે શરીર”**

પ્રભુ પ્રાર્થના પણ આપણે પ્રાણાપાસ કસરત ચાલવા દોડવાના રોજિંદા કાર્યક્રમ કરી તેમાંથી હાંસલ થતા લાભ લેવાનાં પ્રયાસ કરીએ છીએ. હળવા મળવા, તહેવારોની ઉજવણી કથા સપ્તાહોના આયોજનથી સહાય સહકાર સંબંધ, સંઘબળ જેવા અન્ય લાભો પણ મળી રહે છે.

આપણા ધર્મગ્રંથો, સાધુસંથો, મહાત્માના ઉપદેશો દ્વારા માનવ અવતારને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. જુજવાં નામ રૂપે અનંત અનંત ભાસતા ઇશ્વરને એક અને સર્વત્ર સર્વમાં વસેલો રહ્યો છે.

સર્વ ધર્મને સમાન ગણ્યા છે. આ બોધ આપણને યુગોથી સામજાવવામાં આવ્યો છે. ગણેશોત્સવ, નવરાત મહોત્સવ જેવા ઉત્સાવો સાથે મળીને ધામધૂમથી ઉજવીએ છીએ. સંપ સુલેહ સંઘ બળમાં વધારો કરી આનંદ કરીએ છીએ.

વિદેશોમાં પણ લોકો વહેલી સવારે મોટી સંખ્યામાં ફરવા નીકળી પડે છે. નાતજાત ધર્મ, વય, કાળા-ધોળાં પરિચિત, અજાણના ભેદભાવ વિના મળે ત્યારે નાના મોટા સહુને ‘ગુડ મોર્નિંગ’ કહી શુભેચ્છા આપી સ્નેહ સંબંધ ભાવનમાં વધારો કરે છે. આપણે નાત, જાત, ધર્મ, રંગ, વય, પદ, પ્રદેશના ભેદ અલગ રાખે છે. જય મહાદેવ, કે જય મહાવીર કહેવું તે અંગે મુંઝવણ થાય છે. હરિ તારા હજાર હોવા છતાં અંતમાં તો સહુને સ્વીકાર્ય બને તેવું એક જ ભગવાન રહે છે. એટલે વહેલી સવારે તહેવારો, કથા, કિર્તન, મળવાનું થાય ત્યારે જય ભગવાનના સ્મરણ કરીએ અને સંપ સુલેહ, શાંતિ, સંઘબળનો શુભ હેતુ સિધ્ધ કરીએ. નૂતન વર્ષના સંકલ્પમાં એક ઉમેરીએ.

- મળીએ ત્યારે કરીએ જય ભગવાન - સહુનું થાય કલ્યાણ.

**- ગજેન્દ્ર ખારોડ**

# અરૂંધતિ અને વરિષ્ઠ સમાન બેલડી શ્રીમતી ઉષાબહેન તથા ગુલાબભાઈ જાની

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

“એક મા-બાપ જો પોતાનાં બાળકો પ્રત્યેના વ્યવહારમાં ભૂલ કરે, તો એક હજાર શિક્ષકો માટે એ ભૂલ સુધારવાનું અશક્ય બની જાય છે.”

**- ગિજુભાઇ**

ગુજરાતના શિક્ષણ જગતની અરૂંધતી અને વરિષ્ઠ સમાન બેલડી રાજકોટની સુવિખ્યાત શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ અને સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હીલ્સ, ઈન્સ્ટિટયૂટ ઑફ ક્વૉલિટી એજ્યુકેશન તથા પ્રિન્સિપાલ ડી.પી.જોષી પબ્લિક લાઈબ્રેરીનાં સંસ્થાપકો શ્રીમતી ઉષાબહેન જાની અને શ્રી ગુલાબભાઈ જાની. સમગ્ર શિક્ષણ જગતમાં જાણીતું આ ‘જાની દંપત્તિ’ એટલે સમર્પણ, નિષ્ઠા, પ્રયોગશીલતા અને તેજસ્વીતાનો પર્યાય.

ઉષાબહેન ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ ખાતે શામળદાસ કૉલેજ, ભાવનગરમાં અભ્યાસ કરી સમાજશાસ્ત્રના વિષય સાથે બી.એ. થયાં. આગળ અર્થશાસ્ત્રનાં વિષય સાથે એમ.એ. અને બી.એડ્. થયાં. માધ્યમિક અને કૉલેજ અભ્યાસ દરમિયાન સાહિત્ય, વકતૃત્વ અને રમતગમતની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય રીતે ભાગ લેતાં અને સ્પર્ધાઓમાં વિજેતા થયા. અધ્યાપક તરીકેની કારકિર્દીનો પ્રારંભ ઉષાબહેને દરબાર ગોપાળદાસ



મહાવિદ્યાલય અલિયાબાડામાં અર્થશાસ્ત્રનાં અધ્યાપિકા તરીકેની સેવાઓથી કર્યો.

ગુલાબભાઈ ધર્મેન્દ્રસિંહજી કૉલેજની સરકારી નોકરી છોડી પ્રિન્સિપાલ હરસુખભાઈ સંઘવીની સાથે સર્વોદય કેળવણી સમાજની વિરાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં જોડાયા.

ઉષાબહેન તથા ગુલાબભાઈ કૉલેજમાં સહાધ્યાયી હતા. તેમાંથી જીવનસાથી બન્યાં.

પ્રારંભથી ગાંધીજી, વિનોબા, શ્રી શ્રીમા શારદામણિ દેવી, પૂ. રામકૃષ્ણદેવ અને વિવેકાનંદજીનાં વિચારોથી રંગાયેલા, પૂજ્ય સ્વામી આત્મસ્થાનંદજી એ કૉલેજ શિક્ષણને બદલે સિસ્ટર નિવેદિતાની જેમ બાળ શિક્ષણ અને મહિલા ઉત્કર્ષનું પાયાનું કામ હાથ ધરીને સાચી અંજલિ આપવા પ્રેરક સૂચન કર્યું. સ્વામીના આદેશનો સ્વીકાર કરી બંને એ કૉલેજ, યુનિવર્સિટીની લાભપ્રદ અને એશોઆરામવાળી ઉચ્ચ કારકિર્દીનો ત્યાગ કરવાનો અસામાન્ય નિર્ણય લીધો અને ૧૯૬૮માં સિસ્ટર નિવેદિતા ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. રામકૃષ્ણનગરના પોતાના ઘરમાં ૧૭ વિદ્યાર્થીઓની સંખ્યાથી સિસ્ટર નિવેદિતા બાલમંદિરનો પ્રારંભ કર્યો. વાલીઓના પ્રેમાગ્રહને વશ થઈ ૧૯૬૯માં જ્ઞાનદીપ પ્રાથમિક શાળા અને ૧૯૭૦માં જ્ઞાનજયોત માધ્યમિક શાળાનો પ્રારંભ કર્યો. સંસ્થાનો ધ્યેય મંત્ર ‘સદ્‌વિચારં



અન્વીક્ષામહે’ - અમે સદ્‌વિચારની શોધ કરીએ છીએ.’ ૧૯૬૮માં જાની દંપત્તિએ વાવેલું બીજ તેમનાં અથાગ પ્રયત્ન અને તપથી આજે શિક્ષણનું વિશાળ વટવૃક્ષ બની ગયું છે.

બાલમંદિરથી માંડીને ધોરણ દસ સુધી એક જ વર્ગ અને બધી જ શિક્ષણ શાખાઓનો એક જ સમય, મૂલ્ય શિક્ષણ, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ. માતૃભાષામાં શિક્ષણ અને સહશિક્ષણ એ ચાર આ ઈમારતના પાયા છે. આ શિક્ષણ સંસ્થા ગાંધી વિચારશ્રેણીનાં પ્રભાવક મૂલ્યોની સાથે સાથે શિક્ષણની અદ્યત ટેકનોલોજી અને કૉમ્પ્યુટર શિક્ષણનો વિનિયોગ કરનારી ગુજરાતની પ્રારંભની સજ્જતા સાથેની શાળાઓ પૈકીની એક રહી છે. ગુજરાતી માધ્યમ હોવા છતાં આધુનિક યુગની જરૂરિયાતને નજરમાં રાખીને ઉત્તમ અંગ્રેજી શિક્ષણ આપવાની અહીં વ્યવસ્થા થયેલી છે.

જાની દંપત્તિ અવારનવાર કહે છે કે, ‘અમારૂં કામ સારો માણસ તૈયાર કરવાનું છે.’ શિક્ષણનું કાર્ય બાળકને સારો માણસ, સારો નાગરિક, સારો ભાવક અને સારો સર્જક તૈયાર કરવાનું છે. બાકીની યોગ્યતાઓનો આપમેળે પ્રાદુર્ભાવ થશે. શાળાની મુલાકાતે ભારત અને ગુજરાતના સાહિત્યકારો, કલાકારો, અધ્યાત્મ પુરૂષો, અધિકારીઓ, સમાજ સેવકો અને વિવિધ ક્ષેત્રનાં માંધાતાઓ પધારે છે, અને પ્રેરણા આપે છે. સિસ્ટર નિવેદિતા સ્કૂલને ગુજરાત રાજ્યનો ૧૯૯૦-૯૧ ના વર્ષ માટેનો ગુજરાતની શ્રેષ્ઠ શાળા એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

જાની દંપત્તિએ ગાંધીજીના વિચારને મૂર્તિમંત કરવા ગ્રામીણ શાળાઓની શિક્ષણ - સુધારણાનો એક પ્રૉજેક્ટ વિચાર્યો. સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હિલ્સ અઢાર વર્ષ પૂર્વે ૧૭ ગ્રામીણ શાળાઓ અને ૬૦૦૦ વિદ્યાર્થીઓના ઉત્કર્ષની જવાબદારી સાથે ૧૯૯૪માં પ્રારંભ થયેલ આ પ્રોજેક્ટથી આજે રાજકોટ, જામનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૪ ગામડાંની ૮૮ શાળાઓનાં ૬૫૯ શિક્ષકો અને ૨૦,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓનાં લાભાન્વિત થઈ રહ્યાં છે. આ કાર્યક્રમમાં શૅર અને કૅર ફાઉન્ડેશન, યુ.એસ.એ. તથા આશા - વિજય ફાઉન્ડેશન, યુ.એસ.એ. સંસ્થાનો આર્થિક સહયોગ મળી રહેલો છે.

શ્રીમતી ઉષાબહેન અને શ્રી ગુલાબભાઈ શૈક્ષણિક વિચારોનાં પ્રસાર માટે ‘સમુદ્‌ગાર’ ત્રૈમાસિકનું પ્રકાશન કાર્ય કરે છે. પોતાના વ્યસ્ત જીવન વચ્ચે પણ સમય મેળવીને શિક્ષણ અને સાહિત્યના વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખી બંનેએ પુસ્તકો લખ્યાં છે અને પ્રકાશિત કર્યા છે. જે સાહિત્યની ઉત્તમ કોટિ સમાં છે. શ્રીમતી ઉષાબહેન જાનીનાં અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે શિક્ષણ અને સંસ્કારલક્ષી ૭૫ પુસ્તિકાઓ પ્રકાશિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો તે પૈકીની ૬૦ પુસ્તિકાઓ પ્રગટ થઈ ચૂકી છે.

તેઓ વાચન શિબિરો, ‘લેખિની’ની પ્રવૃત્તિ અને ગ્રંથગોષ્ઠિની પ્રવૃત્તિ ચલાવે છે. ઉષાબહેન અને ગુલાબભાઈનું સામાજિક જીવન પણ વિવિધતાઓથી સભર છે. ઉષાબહેન ૨૮ જેટલી સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. ગુલાભભાઈ ગુજરાતની જુદી જુદી ૩૫ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલાં છે.


(અનુસંધાન પાના નં. ૬ પર)

# આજના દિવસનો મહિમા


**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૬ઠ્ઠી નવેમ્બર

- સરદેશન ફરામજી ખબરદાર ‘બાદલ’ પારસી કવિની જન્મજયંતિ - ૬.૧૧.૧૮૮૧. યોગના ઉપાસક, કાવ્ય, વિવેચન, અનુવાદોમાં પ્રથમ હરોળનાં કવિ, ગુણવંતી ગુજરાતના રચયિતા તરીકે ગુજરાતી સાહિત્યમાં અમરત્વ પામ્યા.
- કબીર સાહેબ અને દાદુજીના પરમ ભક્ત - આનંદ આશ્રમ બિલખાના સ્થાપક નાથુરામ શર્માની પુણ્યતિથિ.



- અંગ્રેજો માટે હિન્દમાં વેપારી પરવાનો મેળવનાર સર ટોમસ રોનું અવસાન - ૧૯૪૪.
- ૧૯૪૮ - દાંતા રાજ્યનું વિલીનીકરણ - ૩૪૭ ચો.મી. વિસ્તાર ૩૧,૦૦૦ વસ્તી હતી.
- ૧૯૪૨ - જોહાનીસબર્ગમાં મહાત્મા ગાંધીની ધરપકડ.
- ૧૮૧૭ - અંગ્રેજ લશ્કરે અમદાવાદ જીતી લીધું.



- ૧૮૬૦ - અમેરિકામાં ૧૬માં પ્રમુખ તરીકે અબ્રાહમ લિંકનની જીત થઇ.

# આમ તો દરેક વ્યક્તિની જેમ મારે પણ બે જ આંખો છે, કોઈ ખાસ વિશેષતા તો એમાં નથી, કર્ણની પેઠે કવચ-કુંડલ લઈને પણ અવતરી નથી, પણ પડળ જરા કાચાં લઈને અવતરી છે એ નિર્વિવાદ હકીકત છે

## ધૂપસળી ધૂણાવે આકાશ

- ગિરા પિનાકીન ભટ્ટ

### મારી નબળી આંખોને પાંખો ફૂટી છે...

મારી દુઃખતી આંખો વિશે હું આખો લેખ લખવા માગુ છું. આખો દિવસ લેખ વિશે વિચારતી રહી, ઢંગધડા વિનાનું લખતી જ રહી પરંતુ... આ આખો લેખ લખવામાં મારી આંખોએ આખો જન્મારો જાણે કે ખર્ચી નાખ્યો હશે... જેના જેવા ભાગ્ય!

આમ તો દરેક વ્યક્તિની જેમ મારે પણ બે જ આંખો છે. કોઈ ખાસ વિશેષતા તો એમાં નથી. કર્ણની પેઠે કવચ-કુંડલ લઈને પણ અવતરી નથી. પણ પડળ જરા કાચાં લઈને અવતરી છે એ નિર્વિવાદ હકીકત છે. હવે આંખો કેમ કરતાં સારી ન રહી? મતલબ આ ખો કાચી કેમ કરતાં થઈ એ વિષયને લઈને મારૂં મન ફરી વળ્યું. Ph.D. કરી શકાય એટલા તારણ કાઢવામાં વ્યસ્ત થઈ ગયું. હું એ તારણોને ક્રમાનુસાર ઉતારવા માંડી. આખરે એ ફાલ છે. અનુમાનોનો ને એ ફાલ કાગળ ઉપર ઉતાર્યો. કલમ બિચારી કહ્યાગરી. એને ક્યાં છુટકો છે? ચાલવું જ પડે ને. મૈં પણ ચલાવ્યે જ રાખ્યું. પરંતુ આ કલમની જાત પણ... કલમ નહીં ભાઈ રિફીલ નીકળી નઠારી. નવી નાંખી તો એને થોડા ઢેકા કાઢ્યા. છતાં મેં વિરોધ નોંધાવ્યો નહીં. ને મારી વાત એટલે કે વિગતોનો વિસ્તાર ચિતરવા બેઠી.

- આંખો જન્મજાન નબળી હશે.
- આંખો નબળી નહીં હોય, એને નબળી પાડવામાં આવી હશે.
- આંખોની માવજતમાં ખામી હોય એવું બને.
- આંખોની વધુ માવજત પણ આંખો બગાડે એવું પણ શક્ય છે.
- આંખો હી આંખો મેં ઈશારા હો ગયા... વાણી, વર્તનના વ્યવહાર કરતાં આંખો વધુ વ્યવહારી બની ગઈ હોય.
- શક્ય છે આંખો મારવામાં મશગુલ રહી હોય.
- આંખો - આંખો મેં બાત હોને દો... જેવી પંક્તિઓ ગણગણતી હોઉંને એવું સાંભળીને વડીલોએ મારી આંખો વાંચી લીધી હશે. એની ફળશ્રુતિ રૂપેએ આંખોને અંધારા આવી ગયાં હોય કે શરમથી ઝુકી ગઈ હશે ને કોણ જાણે શું નું શું કારણ હશે...
- આંખો આખા દિવસ ભટકયા છતાં એકપણ મારણ શોધી ન શકી, તેથી આંખોએ ખુદ પોતાની આંખો સાથે જ ઓછો વ્યવહાર કરી નાંખ્યો હોય.
- આંખો જન્મારો આંખો સાથ આપશે જ, ક્યાં જશે? તેવા વહેમમાં ફરતી હોઉં. કે ફાંકામાં એ તો એક જાણે રામને બીજા આ આંખો.
- આંખો છે કે બટેટા, એવું તો કૈંક જણાં મને કહી ગયા, છતાં મેં એ તરફ ધ્યાન દોર્યું જ નહીં. બટેટાને તો આઠ મહિને નવી આંખો ફૂટે. એવું આંખો બાબતે ક્યારેય, કોઈને બન્યું હોય તો, પ્લીઝ.. મને જણાવો..પરંતુ એવું કંઈપણ ન બન્યું..
- નાની મારી આંખ,
  એ જોતી કાંક કાંક,
  એ તો કેવી અજબ જેવી
  વાત છે...

એ ગીત મને અયોગ્ય લાગ્યું ને એ ગીત મેં યોગ્ય રીતે ગોઠવી લલકાર્યું...

આંખોને ફૂટી પાંખ,
એ સાંભળે વા નવટાંક,
એ તો કેવી અજબ -
ગજબની વાત છે...

આમ યૌવનના ઘોડા થનગનતા હશે ત્યારે... કોઈની પણ નવી નવટાંક ભાર સાંભળતી નહીં હોય. એમ જ આંખોનું હોવું ઘટે...

(અનુસંધાન પાના નં. ૬ પર)